**આ પ્રશ્નપત્રમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૮ ફેબ્રુઆરી, ૨૦૦૧ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પણ પુછાવાની શક્યતાઓ રહેલી છે.**

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વકસોટી : જાન્યુઆરી, ૨૦૦૧)

**સમય : સવારે ૯:૦૦ થી ૧૨:૦૦** **સત્સંગ પ્રવીણ - ૧** **કુલ ગુણ : ૧૦૦**

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

## વિભાગ - ૧ (શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના)

**પ્રશ્ન.૧. નીચેનામાંથી કોઈપણ બે વિષયોના સંદર્ભમાં શાસ્ત્રનાં ત્રણ ત્રણ પ્રમાણો આપો.** (૬ ગુણ)

૧. પ્રગટપણું એક જ દ્વારા
૨. સર્વકર્તાહર્તા - શ્રીજીમહારાજ
૩. શ્રીજીમહારાજમાં દિવ્યભાવ
૪. અક્ષરબ્રહ્મ : એક અને અદ્વિતીય

**પ્રશ્ન.૨. નીચેનામાંથી કોઈપણ બે પ્રસંગો વર્ણવી સિદ્ધાંત લખો.** (૮ ગુણ)

૧. સ્વામી તમે પંડે અક્ષર ?
૨. મુક્તાનંદ સ્વામી દ્વારા પ્રગટના શાસ્ત્રની રચના
૩. પરમહંસોની મહારાજના સ્વરૂપમાં અડગ નિષ્ઠા
૪. ત્રણે અવસ્થામાં બ્રહ્મ અને પરબ્રહ્મનું એકાત્મપણું.

**પ્રશ્ન.૩. નીચેનામાંથી કોઈપણ બે વિષયનું વિવરણ બારેક લીટીમાં લખો.** (૮ ગુણ)

૧. 'સ્વામી અક્ષર છે' જીવન અને કાર્યને આધારે (કોઈપણ બે પ્રસંગો)
૨. ભગવાનમાં મનુષ્યભાવ પરઠે તો ખોટ
૩. ઉપાસનાનું મહત્ત્વ
૪. સ્વામી - સેવકભાવે ઉપાસના

**પ્રશ્ન.૪. નીચેનામાંથી કોઈપણ વિષે બે કારણો આપી સમજાવો. (બારેક લીટીમાં )** (૮ ગુણ)

૧. ગુણાતીતાનંદ સ્વામીને વસ્ત્ર-અલંકાર ધરાવી શકાય.
૨. રામાનંદ સ્વામીએ નીલકંઠ વર્ણીને અવતારના અવતારી કહ્યા.
૩. સ્વામિનારાયણીય ઉપાસનામાં અક્ષરબ્રહ્મનું સ્થાન વિશિષ્ટ છે.
૪. એકાંતિક થકી જ એકાંતિક ધર્મ પળાય છે.

**પ્રશ્ન.૫.** ઉપાસનામાં શું ન સમજવું જોઈએ. (૮ ગુણ)

**પ્રશ્ન.૬.** ગુણાતીતાનંદ સ્વામીને ગોપાળાનંદ સ્વામીમાં આ લોકના ભાવ આવે તે પ્રાકૃત બુદ્ધિવાળા છે. (૫ ગુણ)

**પ્રશ્ન.૭. નીચેના કોઈપણ એક વિષય પર વિસ્તારથી નોંધ લખો.** (૫ ગુણ)

૧. ઉત્પત્તિ સર્ગ
૨. ગુણાતીત સંતનાં લક્ષણો
૩. પ્રગટને ઓળખ્યા વગર કસર

## વિભાગ : ૨ (સત્સંગ વાચનમાળા ભાગ-૩) (પ્રેરણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજ)

**પ્રશ્ન.૮. નીચેનામાંથી કોઈપણ બે વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે.** (૬ ગુણ)

૧. ''જેમ બાપ-દીકરાનું નોખું નથી તેમજ ગુરુ-શિષ્યનું નોખું નથી.''
૨. ''મોટા એકાંતિક સંત છે. તે ગાયના આંચળને ઠેકાણે છે.''
૩. ''તે મારા દેહની કળતર મટાડી છે હું તારા અંતરની કળતર મટાડીશ.''
૪. ''આપે કરેલી પ્રગતિનું રહસ્ય શું છે ?''

**પ્રશ્ન.૯. નીચેનામાંથી કોઈપણ બે કારણો લખો. (બારેક લીટીમાં)** (૮ ગુણ)

૧. સત્સંગ સમાજને સંત દ્વારા કલ્યાણની તત્ત્વદષ્ટિ મળી.
૨. અગતરાઈમાં મહારાજે કાઠી દરબારોને ઠપકો આપ્યો.
૩. મુકુંદદાસે આત્મહત્યા કરવાનો નિર્ધાર કર્યો.
૪. એક ગામના ભંગીને થયું, ''હું યે માણસ છું.''

**પ્રશ્ન.૧૦. નીચેનામાંથી કોઈપણ બે વિષયોનું મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** (૮ ગુણ)

૧. સુખી કર્યા રે જન...................... કીર્તનનો સાર લખો.

૨. રઘુવીરજી મહારાજનો ખપ.

૩. પૂજ્ય શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી તથા પૂજ્ય શ્રી રામસ્વરૂપ શાસ્ત્રીના પ્રમુખસ્વામી માટેના ઉદ્‌ગારો.

૪. અનુભવી આનંદમાં ગોવિંદ.................. કીર્તનનો સાર લખો.

**પ્રશ્ન.૧૧. નીચેના પ્રશ્નોના જવાબ એક વાકયમાં આપો.** (૬ ગુણ)

૧. નાઈરોબીના મેયર દ્વારા સ્વામીશ્રીને શું અર્પણ કરવામાં આવ્યું હતું ?

૨. ગઢડામાં અક્ષર ઓરડી કોણે બનાવેલી છે ?

૩. આવા સાધુ પાસે ક્યારે નહિ બેસાય ?

૪. સ્વામીજીની આજ્ઞા મુજબ પેપર લખતા પહેલાં શું કરવું જોઈએ ?

૫. પર્વતભાઈને મન બીજો દુકાળ કયો હતો ?

૬. શ્રીજીમહારાજની આજ્ઞાથી ગોપાળાનંદ સ્વામી ઘણું ખરું ક્યાં રહેતા ?

**પ્રશ્ન.૧૨. નીચેનામાંથી કોઈપણ એક પ્રસંગ વર્ણવી ટૂંકમાં ભાવાર્થ લખો.** (૪ ગુણ)

૧. નિઃસ્પૃહી રઘુવીરજી મહારાજ

૨. સ્વામીશ્રીની વિનમ્રતા

૩. નિષ્કુળાનંદ સ્વામીએ રચેલું અમૂલ્ય સાહિત્ય

**પ્ર.૧૩. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો.** (૨૦ ગુણ)

૧. સંસ્કૃતિના આધાર સ્તંભોઃ સંત, શાસ્ત્ર અને મંદિર

૨. હું હટે તો દુઃખ મટે

૩. અમેરિકાની ધરતી પર ઉત્સવોની પરંપરા સર્જતા સ્વામીશ્રી

❖ ❖ ❖

**આ પ્રશ્નપત્રમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૮ ફેબ્રુઆરી, ૨૦૦૧ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પણ પુછાવાની શક્યતાઓ રહેલી છે.**

## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - જાન્યુઆરી, ૨૦૦૧)

**સમય : બપોરે ૨:૦૦ થી ૫:૦૦** **પ્રવીણ પ્રશ્નપત્ર : ૨** **કુલ ગુણ : ૧૦૦**

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**વિભાગ - ૧ (કિશોર સત્સંગ પ્રવીણ)**

**પ્રશ્ન.૧. નીચેનામાંથી કોઈપણ બે વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** (૬ ગુણ)

૧. ‘‘અમને ત્યાગી કરો.’’

૨. ‘‘તમે ગયા પછી બીજે જ દહાડે બાબાસાહેબનું કટક આવ્યું.’’

૩. ‘‘તમે શું સમજીને રહેશો ?’’

૪. ‘‘નંદરાજાને આગલી રાણી પર હેત છે તેવું તમારાં પર નથી.’’

**પ્રશ્ન.૨. નીચેનામાંથી કોઈપણ બે પ્રસંગો કારણ આપી સમજાવો. (બારેક લીટીમાં)** (૮ ગુણ)

૧. દરેક વચનામૃતની શરૂઆત શ્રીજીમહારાજના ધ્યાનથી થાય છે.

૨. પરમ એકાંતિક સંતનો સમાગમ કરીને સિદ્ધ થાય ત્યારે જ કલ્યાણ થાય.

૩. શ્રીજીમહારાજ જેઠા મેરના ઘેર પધાર્યા.

૪. ચિત્રકેતુ રાજાએ કરોડ સ્ત્રીઓનો ત્યાગ કર્યો.

**પ્રશ્ન.૩. નીચેનામાંથી કોઈપણ બે વિષય પર મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** (૮ ગુણ)

૧. પ્રીત કર....... પ્રીત કર............ પદનું નિરૂપણ લખો.

૨. ઉપાસ્ય સ્વરૂપ પુરુષોત્તમ નારાયણનો મહિમા

૩. સ્વયં પ્રકાશાનંદ સ્વામી

૪. ધ્યાન ચિંતામણિનો મહિમા

**પ્રશ્ન.૪. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** (૬ ગુણ)

૧. વજુભાઈ ક્યા આશયથી ક્યાં આવ્યા ?

૨. ભગવાનના ભક્તની બધી ક્રિયા શાના માટે હોય છે ?

૩. ઉકાખાચર કોનો મહિમા સમજતા ? કેવી સેવા કરતા ?

૪. કેવા સાધુ આદર્શરૂપ ગણાય છે ?

૫. ધાર્મિક સ્તોત્રના રચયિતા કોણ છે ?

૬. આચાર્યે કોને મંત્ર ઉપદેશ ન કરવો ?

**પ્રશ્ન.૫. નીચે આપેલ વચનામૃત અથવા સ્વામીની વાત પૂરી કરી તેનું વિવરણ લખો.** (૫ ગુણ)

૧. દુઃખ કોઈ માનશો નહિ ........................................

૨. ગઢડા પ્રથમ પ્રકરણનું ૫૪મું ....................................

**પ્રશ્ન.૬. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (પંદરેક લીટીમાં)** (૫ ગુણ)

૧. મહારાજને છોડીને ગયેલા અલૈયા ખાચર

૨. ઉપાસના

૩. મહારાજના જતિ સુરાખાચર

**પ્રશ્ન.૭. નીચેનામાંથી કોઈપણ ત્રણ કીર્તન / શ્લોક / અષ્ટકની ખૂટતી કડી પૂરી કરો.** (૬ ગુણ)

૧. સમદુઃખ સુખ .................................... ગુણાતીતઃ સ ઉચ્યતે ॥

૨. સાધ્વી ચકોર .............................. શરણં પ્રપદ્યે ॥

૩. કામ, ક્રોધ ને લોભ ......................... લેજ્યો હરિ તેહ.

૪. વહાલા તારા જુગલ ..................... દીન છે રે લોલ.

૫. સંત હું ને હું તે વળી ............................ એની વાતમાં રે લોલ.

**વિભાગ - ૨ (ગુણાતીતાનંદ સ્વામી)**

**પ્રશ્ન.૮. નીચેનામાંથી કોઈપણ બે વિધાનો કોણ, કોને ને ક્યારે કહે છે તે લખો.** (૬ ગુણ)

૧. ''કાલ કોણે ભાળી છે.''

૨. ''આ વચનામૃત મહારાજે મને ઉદ્દેશીને જ કહ્યું છે.''

૩. ''કબીર અક્ષરબ્રહ્મને જ સદ્‌ગુરુ સાહેબ કહીને ભજતા હતા.''

૪. ''મોટા તો એક ખુદાતાલા છે અને હું તો એમનો દાસ છું ?''

**પ્રશ્ન.૯. નીચેનામાંથી કોઈપણ બે વિષે કારણો આપી સમજાવો. (બારેક લીટીમાં)** (૮ ગુણ)

૧. સામાન્ય જ્ઞાતિના મુમુક્ષોનાં દર્શનની ત્યાગીઓને અપેક્ષા રહેતી.

૨. ગુણાતીતાનંદ સ્વામીનો લાંબી મજલનો થાક ઓસરી ગયો.

૩. ખંભાતના નવાબ સ્વામીના ચરણોમાં પડી ગયા.

૪. લક્ષ્મણ સ્વામીનાં ચરણાવિંદ છાતીમાં અડાડવા લાગ્યો.

**પ્રશ્ન.૧૦ નીચેનામાંથી કોઈપણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** (૮ ગુણ)

૧. મૂળજી અને શ્રીહરિનો પ્રથમ મેળાપ

૨. ધર્મસ્વરૂપાનંદ સ્વામી નિર્દોષ બન્યા

૩. સૂક્ષ્મ તપ

૪. ઉત્તમ વક્તા સ્વામીશ્રી

**પ્રશ્ન.૧૧ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** (૫ ગુણ)

૧. મહારાજે ઊંડ નદીમાં કઈ રીતે જળવિહાર કર્યો ?

૨. કારિયાણીમાં કેટલા સંતો માંદા પડ્યા ?

૩. આત્મારામ હોય તેને શું નમાવી શકતું નથી ?

૪. મહારાજનાં દર્શનની ઝાંખી લઈ સ્વામી ક્યાં જઈને સૂતા ?

૫. ઉગા ખુમાણ માટે સૌ સંતોએ ભેળા મળીને શું સંકલ્પ કર્યો ?

**પ્રશ્ન.૧૨. નીચેનામાંથી કોઈપણ બે પ્રસંગો ટૂંકમાં વર્ણવી ભાવાર્થ લખો. (બારેક લીટીમાં)** (૮ ગુણ)

૧. વેદાંતીઓનો પરાજય

૨. વાસુદેવચરણદાસને થયેલી અલૌલિક શાંતિ

૩. નિઃસ્વાર્થ ભાવની સેવા

૪. પટેલે બળદ કૃષ્ણાર્પણ કર્યો.

**વિભાગ - ૩ (''સત્સંગ પરિચય'' પરીક્ષાનાં પુસ્તકોના આધારે - છેલ્લી આવૃત્તિ)**

**પ્રશ્ન.૧૩. નીચેનામાંથી કોઈપણ ત્રણ વિશે ત્રીસ ત્રીસ લીટીમાં વિવરણ લખો.** (૨૧ ગુણ)

૧. નિત્યાનંદ સ્વામીએ શાસ્ત્રાર્થ દ્વારા વધારેલ સંપ્રદાયની પ્રતિષ્ઠા (સ.વા.ભા.-૨) **અથવા**

૧. સુથારણ બાઈએ આપેલો મહારાજને ઠપકો (સ.વા.ભા.-૨)

૨. પોતાનું વૃત્તાંત (સહજાનંદ ચરિત્ર) **અથવા**

૨. ગવર્નર માલ્કમ સાથે મુલાકાત (સહજાનંદ ચરિત્ર)

૩. જૂનાગઢમાં અપૂર્વ સન્માન (પ્રાગજી ભક્ત) **અથવા**

૩. ભગતજીના સંતોને ઉપાધિ (પ્રાગજી ભક્ત)

૪. સાધુઓની આકરી પરીક્ષા (સહજાનંદ ચરિત્ર) **અથવા**

૪. મૂર્તિપૂજા (કિશોર સત્સંગ પરિચય)

૫. વિષ્ણુદાસ (કિશોર સત્સંગ પરિચય) **અથવા**

૫. ગુંદાળી ગામના બે કાઠી હરિભક્ત (કિશોર સત્સંગ પરિચય)

❖ ❖ ❖